**આંક–૧ લગત હુકમ**

**<u>ગુન્હો : ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૧(બી)(૪) મુજબ</u>**

**= // ઠ રા વ // =**

1. ફરીયાદ પક્ષના કેસ ની ટુકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી આંક-૧ વાળા ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાનું માલવાહક પ્રવેશ પ્રતિબંધ સમયમાં સુરત શહેરમાં પ્રવેશ કરી મહે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી સુરત શહેરનાઓના કાયમી જાહેરનામા ક્રમાંક ટફક/ માલવાહક ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામું/ ૭૩૩/૨૦૧૯, તા.૦૯/૦૫/૨૦૧૯ ના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૧(બી)(૪) મુજબના ગુનાના કામે અટક કરેલ અને આરોપી સામે ફરીયાદીની ફરીયાદને આધારે ગુનો રજીસ્ટર્ડ થતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી સામે પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલ છે. જેનો ફોજદારી કેસ નં.............................. થી રજીસ્ટર્ડ થયેલ છે.
2. આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યાબાદ **આંક– ૦૨** થી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલી છે અને **આંક– ૦૩** થી આોરોપીનું નિવેદન લેતા.આરોપીએ સ્વૈચ્છીક ગુનો કબુલ કરેલ છે, વધુમાં આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને ગુનો કર્યાનો અફસોસ છે, તેમજ તેની ઉપર કુંટુંબની જવાબદારી છે તથા તે ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.
3. નામદાર ગુજરાત વડી અદાલતે ***૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર*** ના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકિકતને ધ્યાનમાં લઇ નીચેની અદાલત કાયદામાં કરેલ જોગવાઇ કરતા પણ

ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહું ચુકાદાના પાના નંબર – ૭૨૧, પેરા – ૨૧ માં જે કારણો જણાવેલા છે, તે ધ્યાને લેતા ઉપરોક્ત ચુકાદો આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઇ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અથવા દંડ કરવો જોઇએ તેમ આ કોર્ટ નમ્રપણે માને છે, જે તમામ ચર્ચાના અંતે આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીને ક્રિ.પો.કોડની કલમ–૨૫૨ અન્વયે  ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૧(બી)(૪) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ અને જો દંડ ની રકમ ન ભરે તો કુલ દિન–૦૧ (એક) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ ૧૩ મી મે સને ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોકઅદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ–૧૩/૦૫/૨૦૨૩** **(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**સુરત.** **૮ માં અધિક જયુ.મેજી.ફ.ક.સુરત.**